## ગુજરાત રાજ્યમાં નોંધાયેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી માટેની પસંદગી સમિતિ,

## કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

# રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય પસંદગી અંગેની જાહેરાત-૨૦૨૪ અન્વયે માર્ગદર્શક સૂચનાઓ

**Date: 01/08/2024**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: GH/SH/77/BMS/1115/1295/G, તા.૦૯/૦૮/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા.૨૯/૦૯/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: GH/SH/7/BMS/1109/1906/G, તા.૦૮/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: MSB/1211/15/CH/H, તા.૨૧/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: GH/SH/45/BMS/1115/1295/G, તેમજ સરકારશ્રીના વખતોવખતના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓ અન્વયે રાજ્યની રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યાઓ પર ભરતી અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૪ અન્વયે મેરીટના ધોરણે ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા નિયત શૈક્ષણિક તથા વ્યાવસાયિક લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

❖ <u>અરજી કરવા અંગે:-</u>

નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો તા.૦૫/૦૮/૨૦૨૪ થી તા૧૭/૦૮/૨૦૨૪ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી https://gserc.in/ વેબસાઇટ પર મૂકવામાં આવેલ સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકની સ્વ-પ્રમાણિત પ્રિન્ટ સાથે તમામ દસ્તાવેજો જોડી તા.૦૯/૦૮/૨૦૨૪ થી ૨૧/૦૮/૨૦૨૪ સુધી હાલ જે જિલ્લામાં ફરજ બજાવે છે તે જિલ્લાના સ્વીકારકેન્દ્ર ખાતે વેરિફીકેશન અર્થે જમા કરાવી પહોંચ મેળવવાની રહેશે.

✓ <u>શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-</u>

- ઉમેદવારે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય માટેની અભિરૂચિ કસોટી (HMAT) વર્ષ-૨૦૨૨ માં ઉત્તિર્ણ કરેલ હોવી જોઇશે.
- આચાર્યની જગ્યા માટે લાયકાત, અનુભવ અંગેની જોગવાઇઓ શિક્ષણ વિભાગના ઉપરોક્ત જાહેરનામા અને ઠરાવ તા.૨૫/૦૭/૨૦૧૭ ની જોગવાઇ નંબર-૬(૧) મુજબ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૧/૧૫/છ તા.૮/૧૧/૨૦૧૯ થી થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૦(૧)ના છેલ્લા સુધારાઓ ધ્યાને લેતા નીચે મુજબ રહેશે.

✓ લઘુત્તમ લાયકાત:-

1) કોઈ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને નોંધાયેલ ગ્રાન્ટ-ઈન-એઈડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

અથવા

2) કોઈ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજિસ્ટર્ડ ગ્રાન્ટ-ઈન-એઈડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૧૦(દસ) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

... તે સિવાય તેને હેડમાસ્તર તરીકે નીમી શકાશે નહીં.

- માત્ર કન્યાઓ માટેની શાળામાં ઉપરોક્ત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કોઈ વ્યક્તિની હેડમાસ્તર તરીકે નિમણૂંક કરી શકાશે નહીં.

✓ અનુભવનું પ્રમાણપત્ર–

- જો ઉમેદવાર શિક્ષક તરીકેનો અને આચાર્ય તરીકેનો એમ બંને અનુભવ ધરાવતા હોય તો બંને અનુભવના પ્રમાણપત્રો અલગ અલગ મેળવવાના રહેશે.
- નોન-ગ્રાન્ટેડ શાળાનો અનુભવ ગ્રાહ્ય રહેશે નહીં.
- નોન-ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ તરીકે મંજુર થયેલ શાળામાં શિક્ષણ વિભાગના માન્ય ઠરાવથી વિનિયમિત થયેલ શિક્ષકનો અનુભવ તેઓના વિનિયમિત કરવા અંગેના શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલ તારીખ બાદની જ સેવાઓ અનુભવ તરીકે ગ્રાહ્ય રાખવાપાત્ર થશે.તે અગાઉની સેવાઓ અનુભવ તરીકે ગણતરીમાં લેવાની રહેશે નહી.

✓ ઉમેદવારી માટેનું એન.ઓ.સી.-

- જે સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા હોય તેના સંબંધિત નિમણૂક સત્તાધિકારી પાસેથી આચાર્યની જગ્યા માટે ઉમેદવારી નોંધાવા સબબ N.O.C.(No Objection Certificate) રજૂ કરવાનું રહેશે.

✓ ભરવાપાત્ર જગ્યાઓ:-

- જે તે જિલ્લામાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર તથા શાળાવાર ભરવાપાત્ર જગ્યાઓની યાદી વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.
- વેબસાઈટ પર મૂકવામાં આવનાર અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન રહેશે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી/આકસ્મિક કારણોસર જગ્યાઓમાં ઘટાડો થતાં પસંદગી સમયે ખરેખર

ઉપલબ્ધ ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારોને ગુણાંકન ક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવી.

- સદર જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓમાં વધારો કરવા, ઘટાડો કરવા, ફેરફાર કરવા કે રદ કરવા અંગે સમિતિનો અબાધિત હક રહેશે.

❖ <u>અરજીપત્રક ઓનલાઈન ભરવા બાબતની અગત્યની સૂચનાઓ:-</u>

- અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.
- ઉમેદવારોની અરજી કરવાની પ્રક્રિયા નીચે મુજબ છે,

1) અરજી કરવા ઈચ્છુક ઉમેદવારે https://gserc.in/ વેબસાઈટ પર જઈ "Apply for Grant-in-Aid Principal" પર ક્લિક કરતાં Log-in પેજ ઓપન થશે. ઉમેદવારે રજિસ્ટ્રેશન કરવા માટે સ્ક્રીન પર દેખાતા New User ? Click Here to Register લિંક પર ક્લિક કરી સૌપ્રથમ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.
2) ત્યારબાદ ઉમેદવારે પોતાનો HMAT NUMBER, DATE OF BIRTH, PASSING YEAR, PAN NO, EMAIL ID, MOBILE NUMBER, PASSWORD, CONFIRM PASSWORD, CAPTCHA વગેરે માગેલ વિગતો એન્ટર કરી Verify Mobile Number પર ક્લિક કરવાની રહેશે. ક્લિક કરતા ઉમેદવારે જે મોબાઈલ નંબર રજિસ્ટ્રેશન માટે નાખેલ હશે તે મોબાઈલ નંબર પર OTP આવશે મોબાઈલ નંબર પર આવેલ OTP નાખતા રજિસ્ટ્રેશન પૂર્ણ થશે.
3) રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ઉમેદવારે અરજી કરવા માટે ફરીથી લોગ-ઇન કરવું. જે માટે ઉમેદવારે રજિસ્ટ્રેશન વખતે આપેલ HMAT NUMBER, DATE OF BIRTH, PASSING YEAR, PASSWORD અને CAPTCHA એન્ટર કરવા.
4) લોગ-ઈન થયા બાદ ઉમેદવારે અરજીપત્રકમાં માગેલ તમામ વિગતો કાળજીપૂર્વક ભરવી. ખોટી અને અધૂરી વિગતો સાથેની અરજી રદ થવાને પાત્ર છે.
5) અરજીપત્રકની વિગતો ભરતી વખતે વેરિફીકેશન અર્થે જિલ્લો પસંદ કરવાનો હોય ત્યારે હાલ ઉમેદવાર જે જિલ્લામાં ફરજ બજાવતા હોય તે જિલ્લો પસંદ કરવાનો રહેશે.
6) અરજીપત્રકની વિગતો ભર્યા બાદ ઓનલાઈન ફી ભરી અરજી ફાઈનલ સબમિટ કરવી.
7) અરજીપત્રક ફાઈનલ સબમિટ ન થાય ત્યાં સુધી ઉમેદવાર તેની વિગતોમાં સુધારો કરી શકશે.
8) અરજી ફાઈનલ સબમિટ કર્યાબાદ અરજીપત્રકમાં ભરેલ તમામ વિગતો આખરી રહેશે. ઉમેદવારે અરજીપત્રકની પ્રિન્ટ લઈ ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખવાની રહેશે.
9) ઉમેદવારે અરજીપત્રક સાથે પ્રમાણપત્રોની નકલ સામેલ રાખી વેરિફીકેશન અર્થે નિયત સ્વીકારકેન્દ્ર ખાતે જમા કરાવી પહોંચ મેળવવી. વેરિફીકેશન ન થયેલ હોય તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે.
10) ઉમેદવારે રજિસ્ટ્રેશન સમયે જે PASSWORD રાખેલ હશે તે સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક જ રહેશે.

✓ અરજીપત્રક માટે અન્ય જરૂરી સૂચનાઓ

- લાયકાત ધરાવતા ઉમેદવારો તા.૦૫/૦૮/૨૦૨૪ થી તા.૧૭/૦૮/૨૦૨૪ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારો ઓનલાઇન અરજી કર્યા બાદ ફી પેમેન્ટ કરી ફાઇનલ સબમિટ નહી આપે ત્યાં સુધી પોતાની અરજીની વિગતો edit કરી શકશે. પરંતુ ઓનલાઇન અરજી ફી પેમેન્ટ કરી ફાઇનલ સબમિટ આપ્યા બાદ ઉમેદવાર અરજીમાં કોઈપણ પ્રકારના સુધારા-વધારા કરી શકશે નહિં અને તે અરજી ફાઇનલ ગણાશે જેની ખાસ નોંધ લેવી. તેમજ આ અંગે પછીથી કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઉમેદવારે માત્ર અને માત્ર ઓનલાઈન માધ્યમથી જ અરજી કરવાની રહેશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં આપેલ મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડી. સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી બદલવાં નહીં તેમજ કાર્યરત રાખવા. ભરતી પ્રક્રિયા અંગેની સૂચનાઓ SMS/E-mail માધ્યમે આપવામાં આવશે.
- આ જાહેરાતનો હેતુ માત્ર પસંદગી યાદી તૈયાર કરવાનો છે. જેથી માત્ર અરજી કરવાથી નિમણૂક માટેનો હક પ્રસ્થાપિત થતો નથી.
- ઓનલાઇન અરજી સંદર્ભે કોઇ મૂંઝવણ હોય તો ઉમેદવાર પોતાના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે.
- ઉમેદવાર હાલ જે જિલ્લામાં ફરજ બજાવે છે તે જ જિલ્લાના સ્વીકારકેન્દ્ર પર અરજી ચકાસણી કરાવવાની રહેશે.

❖ ઓનલાઈન ફી :-

- ઉમેદવારે અરજી માટેની ફી પેટે રૂા.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો) પુરા ભરવાના રહેશે. એક વખત ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.
- અરજી કરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી ઓનલાઇન ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેન્કીંગના માધ્યમથી ભરી શકશે.
- ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગ સંબધિત લાગતો વધારાનો ચાર્જ જે તે બેન્ક દ્વારા વસુલ કરવામાં આવે તે ઉમેદવારે ભોગવવાનો રહેશે.

❖ સ્વીકારકેન્દ્ર પર અરજી જમા કરાવવા / ચકાસણી અંગેની સૂચનાઓ

- ઉમેદવારે ફી ભર્યા બાદ ઓનલાઇન અરજી Submit કરી, તેની પ્રિન્ટ મેળવી સ્વ-હસ્તાક્ષર કરી, ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત તથા અનુભવના તમામ ગુણપત્રકો/પ્રમાણપત્રો તથા અન્ય આનુષાંગિક આધારો અસલ તેમજ તેની સ્વપ્રમાણિત ૨ (બે) નકલ સહિત અરજી પત્રકમાં દર્શાવેલ જે તે જિલ્લાના સ્વીકાર કેન્દ્ર ખાતે તારીખ: ૦૯/૦૮/૨૦૨૪ થી તારીખ: ૨૧/૦૮/૨૦૨૪ (રવિવાર અને જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન ) ચકાસણી અર્થે રજૂ કરવાના રહેશે અને તે સબબની પહોંચ મેળવી લેવાની રહેશે.
- ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર પર ઓનલાઇન અરજી જમા કરાવતા સમયે નીચે મુજબના આધારો અસલમાં તથા ૨ (બે) સ્વપ્રમાણિત નકલમાં રજૂ કરવાના રહેશે.

| ક્રમ | પ્રમાણપત્રોની વિગત |
|---|---|
| ૧ | હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા કર્મચારીઓએ સંબંધિત નિમણુક સત્તા મંડળ પાસેથી સદર અરજી કરવા માટે મેળવેલ એન.ઓ.સી.(NO OBJECTION CERTIFICATE) |
| ૨ | નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સોગંદનામું / સરકારી ગેઝેટની નકલ(નામમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં) / પરિણિત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ |
| ૩ | શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર |
| ૪ | કમ્પ્યુટર જાણકારી અંગેનુ પ્રમાણપત્ર/કોઇપણ લાયકાતની માર્કશીટ |
| ૫ | HMAT – 2022 ની પરીક્ષાની માર્કશીટ |
| ૬ | શૈક્ષણિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૭ | શૈક્ષણિક સ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૮ | શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૯ | શૈક્ષણિક સ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(માર્કશીટમાં ગુણ દર્શાવેલ ન હોય તો ) |
| ૧૦ | શૈક્ષણિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૧૧ | શૈક્ષણિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૧૨ | શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૧૩ | શૈક્ષણિક અનુસ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(માર્કશીટમાં ગુણ દર્શાવેલ ન હોય તો) |
| ૧૪ | વ્યાવસાયિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૧૫ | વ્યાવસાયિક સ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૧૬ | વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૧૭ | વ્યાવસાયિક સ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(માર્કશીટમાં ગુણ દર્શાવેલ ન હોય તો) |
| ૧૮ | વ્યાવસાયિક સ્નાતક NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર |
| ૧૯ | વ્યાવસાયિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) (માર્કશીટમાં ગુણ દર્શાવેલ ન હોય તો) |
| ૨૦ | વ્યાવસાયિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૧ | વ્યાવસાયિક અનુસ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૨ | વ્યાવસાયિક અનુસ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૩ | વ્યાવસાયિક અનુસ્નાતક NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) |
| ૨૪ | શિક્ષક તરીકેના અનુભવના પ્રમાણપત્ર |
| ૨૫ | આચાર્ય તરીકેના અનુભવના પ્રમાણપત્ર |
| ૨૬ | ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસક્રમથી લાયકાત મેળવેલ હોય તો સમગ્ર અભ્યાસ અને પરીક્ષા દરમિયાન સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા મંજુરીના આધારો તથા External/Distance અભ્યાસક્રમથી લાયકાત મેળવેલ હોય તો પરીક્ષાના સમયગાળા દરમિયાન સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા મંજુરીના આધારો |
| ૨૭ | ચાલુ નોકરી દરમિયાન રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી મેળવેલ હોય તે તમામ લાયકાત માટેના પ્રમાણપત્ર |
| | ૧. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન સર્ટી) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ. |

| ક્રમ | પ્રમાણપત્રોની વિગત |
|---|---|
| | ૨. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ. |
| | ૩. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સિટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર |
| | ૪. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી. |
| | ૫. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ. |
| | ૬. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સિટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ. |
| | ૭. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર. |
| | ૮. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે |
| ૨૮ | ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજોમાંથી ચાલુ નોકરી દરમિયાન વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર |

- જો ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો, લાયકાત તથા અનુભવના ગુણપત્રકો/પ્રમાણપત્રો તથા અન્ય તમામ આધારોની ચકાસણી કરતા યોગ્ય જણાશે તો સ્વીકાર કેન્દ્ર પરથી ઉમેદવારની અરજીને VERIFIED કરવામાં આવશે. ઉમેદવારે વેરિફીકેશન સમયે અરજીપત્રક સાથે અપૂરતા આધારો રજૂ કરેલ હશે તો સ્વીકાર કેન્દ્ર પરથી અધિકારી/કર્મચારી દ્વારા જરૂરી/યોગ્ય આધારો રજૂ કરવા સૂચવવામાં આવશે. તદનુસાર ઉમેદવારે ખૂટતા આધાર પુરાવાઓ સાથેની અરજી સ્વીકાર કેન્દ્ર ખાતે અરજી જમા કરવાની અંતિમ તારીખ સુધીમાં જમા કરાવી દેવાના રહેશે. સમય-મર્યાદામાં યોગ્ય આધારો સહ અરજી જમા ન કરનાર ઉમેદવારોની અરજી ગ્રાહ્ય રહેશે નહિં અને તેની ઉમેદવારી રદ થવાને પાત્ર રહેશે.
- સ્વીકાર કેન્દ્ર પર અરજી VERIFIED થયા બાદ જ ઉમેદવારની અરજી સ્વીકૃત બનશે. જેની ખાસ નોંધ લેવી.
- સ્વીકાર કેન્દ્ર પર ઉમેદવારની અરજી ચકાસણી બાદ, આચાર્ય માટેની લાયકાત અને અનુભવના નિયત ધારાધોરણો મુજબ યોગ્યતા ન ધરાવતી ઉમેદવારની અરજીઓ રદ થવાને પાત્ર ગણાશે તેમજ જે ઉમેદવારોના ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાતોના ગુણમાં સુધારો થવાપાત્ર હશે તો તેઓના ગુણાંકનમાં સુધારો થવા પાત્ર રહેશે. આવા ઉમેદવારોની યાદી વિગતવાર કારણસહિત વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે અને તે અન્વયે ઉમેદવારો પાસેથી વાંધા અરજીઓ મંગાવી, રજૂઆતની યોગ્ય તક આપ્યા બાદ ફાઈનલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવશે.

✓ <u>ટ્રાયલ અંગેની સૂચનાઓ</u>

- ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમેસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહીં. સદર બાબતે ઉમેદવારે યુનિવર્સિટીમાંથી મેળવેલ

ટ્રાયલ સર્ટીફિકેટમાં દર્શાવેલ ટ્રાયલની વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે. પરંતુ આ અંગે આપે યુનિવર્સિટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફીકેટ લેવાની જરૂરીયાત રહેતી નથી.

- જો ઉમેદવાર અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ હોય/ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો, ટ્રાયલ ગણવાનો રહેતો નથી તથા જો ઉમેદવાર અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર હોય તો જ્યારે કોઇ વિષયની મુક્તિ લઈ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ/મેળવેલ ગુણ ગ્રાન્ડ ટોટલમાં ઉમેરી સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી. જ્યારે કોઈ યુનિવર્સિટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમેસ્ટરના કુલ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/સેમેસ્ટર સિવાય ટ્રાયલ હોય તો નાપાસ ગુણની જગ્યાએ પાસના રિપ્લેસ કરવા.
- જો કોઈ ઉમેદવારે એક કરતા વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મૂલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણને ધ્યાને લેવાના રહેશે.

✓ <u>ગુણાંકન દર્શાવવા અંગેની સૂચનાઓ</u>

- કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિધાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિધાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી ભરતી સમિતિએ કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબના નિર્ણય કરેલ છે.
    1) ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણ જ દર્શાવવા, જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ કે મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી ગુણ દર્શાવતું પ્રમાણપત્ર મેળવીને જ કુલ ગુણ/મેળવેલ ગુણ દર્શાવવા, અને આ અંગે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે. ફોર્મ્યુલાની મદદથી કન્વર્ટ કરેલ કુલ ગુણ મેળવેલ ગુણ માન્ય રહેશે નહી.
    2) શૈક્ષણિક સ્નાતક અને અનુસ્નાતકમાં યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હોય તે મુજબ જ દર્શાવવું B.Ed.માં Practical સહિતનું ગુણાંકન ધ્યાને લેવું.
    3) જો First Year (F.Y.)/Second Year (S.Y.) અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને Third Year (T.Y.) ની માર્કશીટમાં T.Y. જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેર્ટનમાં F.Y./S.Y. ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો ઉમેદવારે યુનિવર્સિટીની T.Y.ની માર્કશીટની પેટર્ન મુજબ F.Y./S.Y. ના માર્ક્સ ઉમેરવા. જો જે-તે લાયકાતના બધા જ સેમેસ્ટર/વર્ષ એકજ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તો જે-તે યુનિવર્સિટીની પેટર્ન મુજબના જ ગુણ લખવા.

4) અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત અંગેના ગુણપત્રકો/પ્રમાણપત્રો સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજૂ કરવાના રહેશે.

✓ કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

a. કોમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ-૧૦/ધોરણ-૧૨/શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે અથવા CCC ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા તેને કોમ્પ્યૂટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણાશે. આ અન્વયે સંબંધિત ગુણપત્રકની નકલ સ્વીકાર કેન્દ્ર પર ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરવાનું રહેશે.

b. જો ઉક્ત લાયકાતોમાં કોમ્પ્યુટર વિષય તરીકે ન હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

✓ અન્ય જરૂરી સૂચનાઓ

1. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો અરજી સબમિટ થયા બાદ અંતિમ ગણવામાં આવશે અને તે સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજી સાથેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.
2. જો કોઇ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજૂ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજૂ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.
3. બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
4. ચાલુ નોકરી દરમિયાન ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં - ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સિટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવની નીચે મુજબની જોગવાઇઓને ધ્યાને લઈ માન્ય ગણવામાં આવશે.

   " શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે."

5. યુ.જી.સી માન્ય યુનિવર્સિટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી Open and Distance Learning દ્વારા મેળવેલ UGC ની આ અંગેની માર્ગદર્શિકા મુજબની માન્ય ડીગ્રી જ માન્ય રહેશે.

**6.** <u>ચાલુ નોકરી દરમિયાન ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં - રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રજૂ કરવાના આધારો.</u>

a) અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

b) અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

c) અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સિટીનું બોનાફાઇડ પ્રમાણપત્ર.

d) અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

e) પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલટિકિટ.

f) અભ્યાસ કરેલ કોલેજે યુનિવર્સિટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.

g) માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમ) થી મેળવેલ છે તે અંગે યુનિવર્સિટી રજીસ્ટ્રારનું પ્રમાણપત્ર

h) ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે

7. જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેવા કિસ્સામાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ ઉમેદવાર નિમણૂક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આચાર્ય ભરતી પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારોની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

Sd/-
(પ્રજેશકુમાર આર. રાણા)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક
સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક,
કમિશનર શાળાઓની કચેરી, ગુ.રા,ગાંધીનગર